Divyabhaskar

EDII

(Businessbhaskar)
September 3, 2018
Pg.3

ઈન્ક્યુબેટર્સની રચનાથી લઈને સ્થિરતા સુધી અને પછી પણ સાથસહકાર આપે છે

# 140 ઈન્ક્યુબેટર્સ-એક્સલરેટર્સ સાથે ભારત ઈઝરાયેલથી આગળ



આ ઈટી ઉદ્યોગ સંસ્થા નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસીસ કંપનીઝ (નાસ્કોમ)નાં રિપોર્ટ મુજબ, અત્યારે ભારત ચીન અને અમેરિકા પછી દુનિયામાં સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેશનની ત્રીજી સૌથી વધારે સંખ્યા ધરાવતો દેશ છે. ભારત 140 ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ સાથે ઈઝરાયેલથી આગળ નીકળી ગયું છે, જે 130 ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ ધરાવે છે. જોકે આ દ્રષ્ટિએ ટોચનાં બે દેશો અને ભારત વચ્ચે ઘણું અંતર છે - ચીન અને અમેરિકા અનુક્રમે 2,400 અને 1,500 ઈન્ક્યુબેટર્સ અને એક્સલેટર્સ ધરાવે છે. જ્યારે ઈન્ક્યુબેટર્સ સ્ટાર્ટઅપની રચનાથી લઈને સ્થિરતા સુધી અને પછી પણ સાથસહકાર આપે છે, ત્યારે એક્સલરેટર્સ સ્ટાર્ટઅપની વૃદ્ધિ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે (નાસ્કોમ). બિઝનેસ ઈન્ક્યુબેટર્સ કામ કરવાની ઉચિત જગ્યા, કમ્યુનિકેશન અને મીડિયા સંસાધનો, માર્ગદર્શન અને સલાહ આપે છે. ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સ મોટાં ભાગે યુનિવર્સિટીઓ કે કોર્પોરેટ સાથે સંકળાયેલા છે, જે ટેક લેબોરેટરી, ઈક્વિપમેન્ટ અને લાઈબ્રેરીની સુલભતા ઓફર કરે છે. બિઝનેસ ઈન્ક્યુબેટર્સ ઉદ્યોગસાહસિકને અન્ય ઉદ્યોગસાહસિકો સાથે આદાનપ્રદાન કરવાની અને સંબંધો વિકસાવવાની, માર્ગદર્શન આપવાની અને અન્ય સંસાધનો ધરાવતી વ્યક્તિઓ સાથે સંબંધો કેળવવાની તક આપે છે. આ રીતે ઈન્ક્યુબેટર્સ એગ્રીગેટરની ભૂમિકા ભજવે છે તથા સ્ટાર્ટઅપને ઝડપથી વિકસવા અને એને મજબૂત કરવા તમામ પ્રકારનાં પરિબળો પૂરાં પાડે છે.

**સ્ટાર્ટઅપ ટોક**

બિંદુ જેકોબ મેથ્યૂ

## ઈન્ક્યુબેટર્સ સ્થાપિત કરવાની યોજના

- ચીન અને અમેરિકા અનુક્રમે 2,400 અને 1,500 ઈન્ક્યુબેટર્સ અને એક્સલેટર્સ ધરાવે છે
- ગુજરાતમાં 2000 સ્ટાર્ટઅપ વિકસાવવા અને 1000 ઈન્ક્યુબેટર્સ સ્થાપિત કરવાની યોજના
- અત્યાર સુધી 267થી વધારે સ્ટાર્ટઅપ્સ/ઈન્નોવેશનને ગુજરાતમાં 33 નોડલ સંસ્થાઓનો સપોર્ટ છે

ભારત સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનું નેશનલ સાયન્સ એન્ડ ટેકનોલોજી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ બોર્ડ મુખ્યત્વે ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સ (ટીબીઆઈ)ને સપોર્ટ કરે છે તથા યજમાન સંસ્થા પાસે ઉપલબ્ધ કુશળતા અને માળખાનો ઉપયોગ કરીને વેન્ચર સાહસ માટે નવીનતા અને ટેકનોલોજી તકો ઝડપવા શૈક્ષણિક, ટેકનિકલ અને મેનેજમેન્ટ સંસ્થાઓનો ટેકો પૂરો પાડે છે. ટેકનોલોજી આધારિત નવા ઉદ્યોગસાહસો વધારે જોખમ અને ઊંચી વૃદ્ધિ ધરાવે છે તથા એમની સફળતાની શક્યતાઓ વધારવા અનુકૂળ વાતાવરણની જરૂર છે, જેમ કે - ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સ (ટીબીઆઈ); નવીન કેન્દ્રો; નવીનતા અને ઉદ્યોગસાહસિકતા માટેનાં કેન્દ્રો; મહત્ત્વપૂર્ણ ઈન્ક્યુબેટર્સ અને સીડ એક્સલરેટર્સ. ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સનો ઉદ્દેશ આ મહત્ત્વપૂર્ણ વિસ્તારોમાં સ્ટાર્ટઅપ્સ આધારિત ટેકનોલોજીને ખીલવવાનો છેઃ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી, હેલ્થકેર, ઉત્પાદન, કૃષિ અને આનુષંગિક ક્ષેત્રો, ઊર્જા, પાણી, સેવાઓ વગેરે.

ગુજરાત સરકાર રાજ્યમાં ઈનોવેશન અને સ્ટાર્ટઅપ્સને ખીલવવા માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરવા પથપ્રદર્શક છે, જે આર્થિક વૃદ્ધિને વેગ આપશે અને મોટાં પાયે રોજગારીની તકો ઊભી કરશે. ગુજરાત સરકારે આગામી વર્ષોમાં 2 મિલિયન ચોરસ ફૂટ "ઈન્ક્યુબેશન સ્પેસ" અને ઓછામાં ઓછાં 2000 સ્ટાર્ટઅપ વિકસાવવા અને આશરે 1000 ઈન્ક્યુબેટર્સ સ્થાપિત કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના ધરાવે છે. આ રોકાણને સુલભ કરશે (વર્ષ 2021 સુધીમાં સ્ટાર્ટઅપ્સ માટે 1 અબજ ડોલરનું વીસી ફંડિંગ). અત્યાર સુધી 267થી વધારે સ્ટાર્ટઅપ્સ/ઈન્નોવેશનને ગુજરાતમાં 33 નોડલ સંસ્થાઓનો સપોર્ટ છે. અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ - આઈઆઈએમ-એ, આઈઆઈટી-ગાંધીનગર, માઈકા, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ યુનિવર્સિટી, એનઆઈડી, જીએલએસ યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, આઈક્રિએટ, પીડીપીયુ, ગુજરાત યુનિવર્સિટી વગેરે અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓએ કેટલાંક સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપ્યું છે અને સફળ ઉદ્યોગસાહસોનું સર્જન કર્યું છે.

(લેખકઃ ડોક્ટરલ સ્કોલર, ઈડીઆઈઆઈ, અમદાવાદ છે)

bindu04@ediindia.org